



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ અમાસ ગુરુવાર ૧૯ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૩

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


# ઊર્જા મથકોને નિશાન બનાવાતા ક્રુડમાં ફરી ભડકો

**ઈઝરાયલે** ઇરાનના ગેસ ફિલ્ડ પર હુમલો કરતા ઈરાને હવે ખાડી દેશોના ઓઇલ અને ગેસ મથકોને નિશાન બનાવવાની ધમકી આપી

**બ્રેન્ટ** ક્રૂડ $110ની નજીક પહોંચતા અમેરિકી શેરબજાર ગગડ્યું

**સાઉદી**, કતાર-યુએઈના ઊર્જા મથકો ખાલી કરાવાયા

દુબઈ, તા. 18 : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલું સૈન્ય યુદ્ધ હવે 'આર્થિક યુદ્ધ'માં ફેરવાઈ ગયું છે. ઈરાને તેના ગેસ પ્લાન્ટ પર થયેલા મિસાઈલ હુમલાના જવાબમાં પડોશી આરબ દેશોના ઉર્જા મથકો પર હુમલો કરવાની ધમકી આપતા કાચા તેલના ભાવમાં ૫ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. કઈરાને દાવો કર્યો છે કે અમેરિકા અને ઈઝરાયેલે તેના 'સાઉથ પાર્સ' ગેસ ફિલ્ડ પર હુમલો કર્યો છે. આ હુમલો ઈઝરાયેલે અમેરિકાની મંજૂરીથી કર્યો હોવાના અહેવાલો છે. ઈઝરાયેલના સંરક્ષણ મંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાનના આર્થિક સ્ત્રોતોને નિશાન બનાવીને તેને ઘૂંટણિયે લાવવાની આ રણનીતિ છે. વળતા પ્રહાર તરીકે ઈરાને સાઉદી અરેબિયા, કતાર અને UAEના ઉર્જા મથકોની યાદી જાહેર કરી તેને 'સીધા લક્ષ્ય' બનાવવાની ધમકી આપી છે. કતારના મહત્વના ઉર્જા હબ એવા 'રાસ લાફાન' અને મેસાઈદ પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સમાંથી કર્મચારીઓને તાત્કાલિક ધોરણે સલામત સ્થળે ખસેડવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

સાઉદી અરેબિયાઃ સાઉદીના જુબૈલ પેટ્રોકેમિકલ અને અન્ય મહત્વના રિફાઈનરી વિસ્તારોમાં હાઈ-એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આને પગલે ક્રુડમાં ફરી ભડકો થયો છે. સાઉથ પાર્સ' પરનો હુમલો એ યુદ્ધ શરૂ થયા પછી ઈરાનના મુખ્ય ઉર્જા ઉત્પાદન મથક પરનો પ્રથમ સીધો પ્રહાર છે. કતાર (જે આ ફિલ્ડમાં ભાગીદાર છે)એ આ માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું છે. ઈરાન આ પ્લાન્ટમાંથી દૈનિક 73 કરોડ ક્યુબિક મીટર ગેસનું ઉત્પાદન કરે છે. નિષ્ણાતોના મતે, આ હુમલાઓથી વૈશ્વિક સપ્લાય ચેઈન તૂટી રહી છે અને ઊર્જાની અછત દરરોજ વધી રહી છે.

તુર્કી જેવા દેશો જે પોતાનો 10% ગેસ ઈરાન પાસેથી મેળવે છે, તેમના માટે પણ હવે મુશ્કેલીઓ વધી શકે છે.

**રિયાધમાં બે મોટા ધડાકા**

બુધવારે મોડી સાંજે રિયાધમાં બે 'ભારે વિસ્ફોટો'ના અવાજ સંભળાયા હતા, જેના કારણે સમગ્ર શહેરમાં ગભરાટ ફેલાયો છે.

શહેરના રહેવાસીઓએ બે મોટા ધડાકા સાંભળ્યા હોવાના અહેવાલ છે. યુદ્ધની શરૂઆતના દિવસો પછી રિયાધ પર આ પ્રથમ મોટો હુમલો છે.

ઈતિહાસમાં પ્રથમ વખત રિયાધના નાગરિકોને સત્તાવાર રીતે 'હવાઈ હુમલાના જોખમ'ની ચેતવણી આપવામાં આવી છે.

**અમેરિકાનો વ્યૂહાત્મક નિર્ણય**

તેલનો પુરવઠો વધારવા અને વધતા ભાવને અંકુશમાં લેવા માટે ટ્રમ્પ વહીવટીતંત્રે મોટો નિર્ણય લેતા વેનેઝુએલા પરના પ્રતિબંધોમાં ઢીલ આપી છે. હવે અમેરિકી કંપનીઓ વેનેઝુએલાની સરકારી માલિકીની તેલ અને ગેસ કંપની સાથે વેપાર કરી શકશે.

## બજાર પર થયેલી અસર

**તેલના ભાવઃ** આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ ગણાતું બ્રેન્ટ ક્રૂડ 6.2% વધીને $109.84 પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. યુએસ ઓઈલ પણ 2.3% વધીને $97.70 થયું છે.

**ગેસના ભાવઃ** યુરોપના ગેસ બેન્ચમાર્કમાં 7.9% નો તોતિંગ વધારો થયો છે.

ઈરાનના ગેસ ફિલ્ડ પર મોટો હુમલો

**અમેરિકી બજારઃ** ન્યૂયોર્કમાં S&P 500 ઇન્ડેક્સ 0.5% ગગડ્યો હતો, જ્યારે ડાઉ જોન્સ ૩૭૭ પોઈન્ટ (0.8%) તૂટ્યો હતો. નાસ્ડેકમાં પણ 0.5%નો ઘટાડો નોંધાયો હતો.

**ગલ્ફ દેશો પર ખતરોઃ** ઈરાને સાઉદી અરેબિયાના તેલ ક્ષેત્રો ધરાવતા પ્રાંત પર હુમલો કર્યો છે અને કતાર તથા UAE ના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાની ધમકી આપી છે.

## ઈરાનનું 'હિટ લિસ્ટ'

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા નીચેના સ્થળોને નિશાન બનાવવાની ચેતવણી અપાઈ છે અને ત્યાં રહેતા લોકોને દૂર રહેવા જણાવાયું છે:

**કતારઃ** રાસ લફાન રિફાઇનરી અને મેસાઈદ પેટ્રોકેમિકલ.

**સાઉદી અરેબિયાઃ** સમરેફ રિફાઇનરી અને જુબૈલ પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ.

**UAE:** અલ હોસ્ન ગેસ ફિલ્ડ

## અમેરિકાએ ઇરાનના ભૂગર્ભ મિસાઈલ મથકો પર ૨,૨૦૦ કિલોના બોમ્બ ઝીંક્યા

**સ્ટ્રેટ** ઓફ હોર્મુઝમાં યુદ્ધ ભયાનક બન્યું

**જીબીયુ-72** બોમ્બ જમીનની અંદર ખૂબ ઊંડે સુધી જઈને વિસ્ફોટ કરવાની ક્ષમતા ધરાવે છે

**ટ્રમ્પે** આ કાર્યવાહી બાદ બ્રિટન, ફ્રાન્સ સહિતના સાથી દેશો પર આકરા પ્રહાર કર્યા



દુબઈ, તા. 18 (એપી): અમેરિકી સૈન્યએ હોર્મુઝની સામુદ્રધુની નજીક ઈરાની દરિયાકાંઠા પર આવેલા ભૂગર્ભ મિસાઈલ મથકો પર 5,000 પાઉન્ડ (અંદાજે 2,268 કિલો)ના અનેક 'ડીપ પેનિટ્રેટર' બોમ્બ ફેંક્યા છે.

યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ હુમલામાં અત્યંત આધુનિક જીબીયુ-72 બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે જમીનની અંદર ખૂબ ઊંડે સુધી જઈને વિસ્ફોટ કરવાની ક્ષમતા ધરાવે છે. ઈરાનના આ મથકો પર રાખવામાં આવેલી એન્ટિ-શિપ ક્રૂઝ મિસાઈલો આંતરરાષ્ટ્રીય શિપિંગ માટે મોટું જોખમ હતી. હોર્મુઝની સામુદ્રધુની, જ્યાંથી વિશ્વનો 20 ટકા તેલ પુરવઠો પસાર થાય છે, તે હાલમાં ઈરાની અવરોધોને કારણે વ્યવહારિક રીતે બંધ છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ કાર્યવાહી બાદ બ્રિટન, ફ્રાન્સ, જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા સાથી દેશો પર આકરા પ્રહાર કર્યા હતા કારણ કે તેમણે આ જળમાર્ગને સુરક્ષિત કરવામાં મદદ કરવાનો ઈનકાર કર્યો હતો. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે અમેરિકાને હવે નાટો દેશોની મદદની જરૂર નથી. આ સંઘર્ષને કારણે અમેરિકામાં ગેસના ભાવ 2.90 ડોલરથી વધીને સરેરાશ 3.80 ડોલર પ્રતિ ગેલન પર પહોંચી ગયા છે. યુએસ નેવીએ આ વિસ્તારમાં વધારાનું સૈન્ય બળ અને યુએસએસ ત્રિપોલી જહાજ તૈનાત કર્યું છે, જે ઈરાની બંદરો પર કબજો કરવાની ક્ષમતા ધરાવે છે. દરમિયાન, વ્હાઈટ હાઉસમાં આંતરિક વિરોધ પણ જોવા મળ્યો છે, નેશનલ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટરના ડાયરેક્ટર જો કેન્ટે ઈઝરાયેલના દબાણ હેઠળ આ યુદ્ધ શરૂ થયાનો આરોપ લગાવી રાજીનામું આપ્યું છે.



## ઇઝરાયેલે ઇરાનના ગુપ્તચર મંત્રીને ઉડાવ્યા

**ઇરાનના** એકમાત્ર પરમાણુ પ્લાન્ટ અને ગેસ ફિલ્ડ પર હુમલાથી ખળભળાટ

બુધવારે ઇઝરાયેલે ઈરાનના નેતૃત્વને નિશાન બનાવવાનું ચાલુ રાખતા દાવો કર્યો હતો કે એક રાત્રિ હુમલામાં ઈરાનના ગુપ્તચર મંત્રી ઈસ્માઈલ ખાતિબ માર્યા ગયા છે. ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી ઇઝરાયેલ કાત્ઝે



આગામી સમયમાં હજુ પણ મોટા 'સરપ્રાઈઝ' આપવાની ચેતવણી આપી છે. આ ઉપરાંત, ઈરાનના વિશાળ 'સાઉથ પાર્સ' નેચરલ

...અનુસંધાન પાના 9 પર

### ઈરાનનો વળતો પ્રહાર: સાઉદી અરેબિયા પર હુમલો અને ઇઝરાયેલ પર મિસાઈલ વર્ષા

ઇઝરાયેલની કાર્યવાહીના જવાબમાં ઈરાને સાઉદી અરેબિયાના તેલ ક્ષેત્રો ધરાવતા પૂર્વી પ્રાંત પર હુમલો કર્યો છે. ઈરાને કતાર અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)

...અનુસંધાન પાના 9 પર

## રૂપિયો પાતાળમાં: 92.89ની ઐતિહાસિક નીચલી સપાટીએ

**49 પૈસાનો** કડાકો

મુંબઈ, તા. 18 (પીટીઆઈ): બુધવારે ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે 49 પૈસાના મોટા ઘટાડા સાથે 92.89ની સર્વકાલીન નીચલી સપાટીએ બંધ રહ્યો હતો. મજબૂત ડોલર અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા સતત થઈ રહેલી વેચવાલીને કારણે રૂપિયા પર ભારે દબાણ જોવા મળ્યું હતું.

ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા મુજબ, પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ઊંચા ભાવે પણ સેન્ટિમેન્ટ બગાડ્યું હતું.

આંતરબેંક વિદેશી હૂંડિયામણ બજારમાં રૂપિયો 92.42 પર ખુલ્યો હતો અને દિવસ દરમિયાન 92.41થી 92.89ની રેન્જમાં ટ્રેડ થયા બાદ રેકોર્ડ સ્તરે બંધ થયો હતો. અગાઉ મંગળવારે રૂપિયો 92.40 પર બંધ રહ્યો હતો. નિષ્ણાતોના મતે, રિઝર્વ બેંક

...અનુસંધાન પાના 9 પર

## ઈડી દરોડામાં મમતા બેનર્જીની દખલગીરીથી સુપ્રીમ કોર્ટ નારાજ

**મુખ્યમંત્રી** દરોડામાં દખલ કરે તે સુખદ સ્થિતિ નથી, એજન્સીઓ લાચાર ન રહી શકે: સુપ્રીમ

**ભવિષ્ય** માટે નવી એસઓપી ઘડવાના આપ્યા સંકેત

નવી દિલ્હી, તા. 18: સુપ્રીમ કોર્ટે બુધવારે પશ્ચિમ બંગાળના આઈ-પીએસી કેસમાં મમતા બેનર્જી સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને એન.વી. અંજારિયાની બેન્ચે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, રાજ્યના મુખ્યમંત્રી દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ના દરોડામાં દખલગીરી કરવી તે કોઈ 'સુખદ સ્થિતિ' નથી.

કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી કે જો કોઈ મુખ્યમંત્રી સરકારી ઓફિસમાં ઘૂસીને કેન્દ્રીય એજન્સીઓના કામમાં અવરોધ ઊભો કરે, તો આવી સ્થિતિમાં તપાસ એજન્સીઓ પાસે શું ઉપાય રહે? આવી ઘટનાઓ માટે કોર્ટે ભવિષ્યમાં 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર' (એસઓપી) ઘડવાના સંકેત પણ આપ્યા છે.

આ સમગ્ર વિવાદ 8 જાન્યુઆરીએ કોલસા કૌભાંડના મની લોન્ડરિંગ કેસમાં રાજકીય સલાહકાર પેઢી

...અનુસંધાન પાના 9 પર

### હોર્મુઝની સામુદ્રધુનીમાં ભારતનું ૧૭ લાખ ટન તેલ ફસાયું

શ્ચિમ એશિયામાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર ભારતના ઉર્જા પુરવઠા પર પડી છે. શિપિંગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, હોર્મુઝની સામુદ્રધુનીમાં ભારતના ૨૨ જહાજો હજુ પણ ફસાયેલા છે, જેમાં લાખો ટન તેલ અને ગેસનો જથ્થો છે.

**ફસાયેલા માલ-સામાનની વિગતો:**

**ક્રૂડ ઓઈલઃ** ૧૬.૭ લાખ ટન.

**LPG (રસોઈ ગેસ):** ૩.૨ લાખ ટન.

**LNG (નેચરલ ગેસ):** ૨ લાખ ટન.

### યુદ્ધ વચ્ચે પણ ઈરાને ૧.૬ કરોડ બેરલ તેલની નિકાસ કરી

**સ્ટ્રેટ** ઓફ હોર્મુઝથી ઈરાન પસંદગીના જહાજોને પસાર થવા દે છે, અત્યાર સુધી 90 જેટલા જહાજો પસાર થયા

હોંગકોંગ, તા. 18 (એપી): ઈરાન સાથેના યુદ્ધના કારણે હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) વ્યવહારિક રીતે બંધ હોવા છતાં, આંકડાઓ દર્શાવે છે કે ઈરાને હજુ પણ લાખો બેરલ તેલની નિકાસ ચાલુ

...અનુસંધાન પાના 9 પર

## ઈન્દોરમાં EV ચાર્જિંગમાં બ્લાસ્ટ: સુતેલો પરિવાર રાખ

**ચાર્જિંગ** પોઈન્ટમાં વિસ્ફોટ બાદ આગે કારને લપેટમાં લીધી અને ત્યારબાદ આગ ત્રણ માળના મકાનમાં ફેલાઈ, ગેસ સિલિન્ડરો ફાટતા મકાન સ્મશાનમાં ફેરવાયું


ઈન્દૌર, તા. 18 (પીટીઆઈ): ઈન્દોરના બ્રજેશ્વરી એનેક્સ કોલોની વિસ્તારમાં બુધવારે વહેલી સવારે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં ઈલેક્ટ્રિક વ્હીકલ (ઈવી) ચાર્જિંગ પોઈન્ટમાં વિસ્ફોટ થવાને કારણે લાગેલી આગમાં એક જ પરિવારના આઠ સભ્યોના કરુણ મોત નિપજ્યા હતાં. મૃતકોમાં બે સગીર બાળકો અને ત્રણ મહિલાઓ સામેલ છે.

પોલીસે જણાવ્યા મુજબ, આ દુર્ઘટના સવારે 3:30થી 4:30ના ગાળામાં બની હતી જ્યારે ઘરની બહાર એક કાર ચાર્જ થઈ રહી હતી.

પોલીસ કમિશનર સંતોષ કુમાર સિંહે જણાવ્યું હતું કે, ચાર્જિંગ

...અનુસંધાન પાના 9 પર

**બે બાળકો અને ત્રણ મહિલા સહિત 8નાં મોત**





## હોર્મુઝની અસર સિંગાપોર સુધી

**સેંકડો** ઓઈલ ટેન્કરો દરિયામાં અટવાયા, ૨૦,૦૦૦ ખલાસીઓ પર જોખમ

શ્ચિમ એશિયામાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના જંગને કારણે વિશ્વની સૌથી મહત્વની દરિયાઈ નળી સમાન 'હોર્મુઝની સામુદ્રધુની' લગભગ બંધ થઈ ગઈ છે. આ કટોકટીને કારણે હવે સિંગાપોરની સામુદ્રધુનીમાં પણ ઓઈલ ટેન્કરોની લાંબી લાઈનો લાગી છે અને જહાજો અટવાઈ પડ્યા છે. હોર્મુઝમાં અવરોધ આવતા અને વીમાના પ્રીમિયમમાં તોતિંગ વધારો થતા અનેક જહાજોએ પોતાની દિશા બદલી છે અથવા તો સિંગાપોર પાસે જ રોકાઈ જવાનું પસંદ કર્યું છે. ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO) ના જણાવ્યા અનુસાર, આ સંઘર્ષને કારણે આશરે ૩,૦૦૦ જહાજો અને ૨૦,૦૦૦ ખલાસીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રભાવિત થયા છે. હજારો ખલાસીઓ અત્યારે દરિયાની વચ્ચે જહાજ પર 'કેદ' જેવી હાલતમાં છે.

તા. ૧૮-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૩.૨° સે. | ૨૦.૬° સે. | ૫૮% |

## રૂ. 33,660 કરોડના ખર્ચે દેશમાં 100 ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનશે

**અહીં** ઉદ્યોગો માટે જમીન, વીજળી, પાણી અને અન્ય મંજૂરીઓ પહેલેથી જ તૈયાર હશે

**15 લાખ** યુવાનોને મળશે રોજગારી, 'ભવ્ય' યોજનાને કેબિનેટની મંજૂરી

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને વેગ આપવા માટે બુધવારે રૂ. 33,660 કરોડની 'ભવ્ય' યોજનાને મંજૂરી આપવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં લેવાયેલા આ નિર્ણય મુજબ, દેશભરમાં 100 નવા 'પ્લગ-એન્ડ-પ્લે' ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિકસાવવામાં આવશે. આ યોજનાથી અંદાજે 15 લાખ સીધી રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ

...અનુસંધાન પાના 9 પર

## હવે ઘરેલુ ફ્લાઈટની 60 ટકા બેઠકો માટે કોઈ વધારાનો ચાર્જ નહીં

**એક** જ ટિકીટ પર મુસાફરી કરી રહેલા મુસાફરોને સાથે બેસાડવાના નિર્દેશ

**રમતગમતના** સાધનો, પાળતુ પ્રાણીઓને સાથે લઈ જવા માટે પણ પારદર્શક નિયમો બનાવાયા

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): કેન્દ્ર સરકાર દ્વારા બુધવારે મુસાફર સુવિધાઓને વધુ મજબૂત કરવાના હેતુથી એક મહત્વની જાહેરાત કરવામાં આવી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તમામ એરલાઈન્સને આદેશ આપ્યો છે કે ઘરેલું ફ્લાઈટ્સમાં 60 ટકા બેઠકો એવી રાખવી જેના પર મુસાફરો પાસેથી સીટ પસંદગીનો કોઈ વધારાનો ચાર્જ (સીટ સિલેક્શન ફી) વસુલવામાં ન આવે.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) સ્પષ્ટ કર્યું છે કે મુસાફરોને વ્યાજબી દરે મુસાફરીનો લાભ મળે તે માટે કોઈપણ ફ્લાઈટમાં ઓછામાં ઓછી 60 ટકા બેઠકો વધારાના શુલ્ક વગર ઉપલબ્ધ કરાવવી પડશે. અત્યાર

...અનુસંધાન પાના 9 પર